## બંધન અને મુક્તિ : સીમોલ્લંઘન કરતાં કાવ્યો

‘બંધન અને મુક્તિ : નિજની અને સમાજની’ વિશિષ્ટ કાવ્યસંગ્રહમાં ૬૮ અછાંદસ કાવ્યોનું ચયન કરવામાં આવ્યું છે. પોતાના જુદાજુદા કાવ્યસંગ્રહોમાંથી કવિશ્રી પ્રદીપ ખાંડવાળાએ ચિંતનપ્રણાલી અને કાવ્યસૌંદર્યની પોતિકી વિભાવનાને અનુરૂપ નમૂનાદાખલ પ્રતિનિધિત્વ કરતાં કાવ્યોનો અહીં સમાવેશ કરેલ છે. આ કાવ્યોમાં આત્મકથનનો અનેરો મહિમા થયો છે, પણ એ આત્મકથાત્મક નથી. અહીં કથાનો આછેરો સ્પર્શ અનુભવાય છે, પણ કથાદોર નથી. અહીં તો છે ગાંધી અને રામકૃષ્ણના વિચારોમાં સહજ ડૂબકી માર્યા પછી કવિ સમક્ષ ઊઘડી આવતું સંવેદનાસભર કાવ્યવિશ્વ! સ્વની ભૌતિક સફળતાની ઉપરવટ જઈને પમાતો ઉચાટ અને હ્રાસ પામતી સંસ્કૃતિને ઊર્ધ્વગામી કરવાની મથામણનો તલસાટ અહીં સાયુજ્ય પામીને કાવ્યદેહ ધારણ કરતો પમાય છે.

કવિએ આ બધાં કાવ્યોને પાંચ પ્રકરણમાં વહેંચીને પ્રત્યેક પ્રકરણ માટે એક વિશિષ્ટ શીર્ષક પ્રયોજ્યું છે. વિચાર અને ઊર્મિની સ્પષ્ટતાને અંકિત કરતું આ વ્યવસ્થાપન કવિવ્યક્તિત્વનું પણ પરિચાયક નીવડે છે. વ્યવસ્થાપનના એ ભૌતિક પાસાને જીવનના કલાત્મક પાસા સાથે જોડવાનો આ પ્રયાસ ભાવકને કવિના દર્શનની વધુ નીકટ લઈ જવામાં ઉપકારક બને છે.

‘હુંકારની ઢાલ’ નામક પ્રથમ પ્રકરણનો ઉઘાડ એ જ નામી એક નાનકડા કાવ્યથી થાય છે : હુંકારની ઢાલ / કેટલી વહેલી આપણે બાંધી દઈએ છીએ... અને આ ભાગનું છેલ્લું કાવ્ય છે : ‘ઢંગધડા વગરનું જીવન’. એની એક પંક્તિ છે : વર્ષો / મારી હથેળીમાંથી ગબડી રહ્યાં છે... શું આ વેરવિખેર જીવન / કદી કેન્દ્રિત થશે? આ ભાગનાં એકાદશ કાવ્યો હુંકારની દૈહિકથી માંડીને અંતરિક્ષ સુધીની લીલા-લિપ્સા-વિડંબના-ઘૃણા-નિકૃષ્ટતા-

સંઘર્ષની કથાનું એક કલાત્મક ચિત્ર આલેખી રહે છે. તળથી ટોચ લગીના ઘમંડનું આ ચિત્રણ ભાવકને સતત નિરર્થકતાનો અહેસાસ કરાવતું રહે છે.

તો 'મુક્તિની ભેખડ પર'નાં કાવ્યોમાં ભેખડ, ટેકરી, ગલી, પાનખર, ગીધ, અનપેક્ષિત તારનાર, અમૃતકુંભ જેવાં પ્રતીકો કાવ્યના હાર્દને ઊંડાણથી સમજવાની ચાવી રૂપ બની રહે છે. અહીં ઉંમરના અંતિમ તબક્કામાં પ્રવેશતું જીવન, મુક્તિ તરફની દિશા, ક્રાંતિકારી વિચારોનું લાચારીમાં રૂપાંતરણ, કવિ અને કવિતાનું વિડંબન તેમ જ યુવાનીની તેજી અને બુઢાપાની મંદી જેવાં રૂપકોથી માનવનિયતિનું એક સુરેખ ચિત્ર ઊપસી આવ્યું છે. 'તિથિ', 'ષષ્ટિપૂર્તિ', 'પાનખર' અને 'અમૃતકુંભ' જેવાં કાવ્યોમાં તો જ્ઞાનવાર્ધક્યનું એક નવલું પરિમાણ પ્રાપ્ત થાય છે. તો શોષિતો અને વંચિતો પ્રત્યેની સંવેદના પણ ભાવકને ભીતરમાં તાકવા પ્રેરે છે. નૈરાશ્ય અને લબ્ધિ એમ ઉભયની ધારે ઊભેલી ઢળતી ઉંમરના મનોમંથનને પ્રગટ કરવામાં આ કાવ્યો ખરે જ નમૂનારૂપ બની રહે છે.

ત્રીજું પ્રકરણ 'પ્રેરણસ્રોત'નાં દસ કાવ્યોનું છે. અહીં 'સૂર્યની સફર'થી 'આરોહણ' સુધીનાં કાવ્યોમાં મનુષ્યની આકાંક્ષાઓ, સંસૃતિ, જિજીવિષા અને વિજિગીષાની એક અણથક છલાંગ જોવા મળે છે. સૂર્ય સુધી પહોંચવાની ઇચ્છા રાખતો મનુષ્ય અહીં ધૂમકેતુ પર સવારી કરીને તેજોમય શૂન્ય બની જાય છે અને પ્રકાશનાં મોજાંઓ પર તરવા લાગે છે. ભીતરની સંતૃપ્તિ માટે નેતિ નેતિ કરતો અંતર્મુખ બની સ્વયંની ખોજ આદરે છે. 'જવાબ' કાવ્યમાં તો 'તું કોણ છે?'નો જવાબ કંઈક આ રીતે મળે છે : 'હું છું જે હું નથી'. આ છ વર્ણોમાં તો કવિએ કેવું ગહન ચિંતન ભરી દીધું છે! આવી ગહનતામાં પણ નવાઈ તો એ છે કે પેલો છેવાડાનો માનવી ભુલાતો નથી! પેલા 'ઝૂકી ગયેલો માણસ' કાવ્યનો નાયક બાળકીને જીવનદાન આપીને કેવો ટટ્ટાર બનીને ખડો થઈ જાય છે!

# અનુક્રમણિકા

## 01 – હુંકારની ઢાલ (૧૨ કાવ્યો)


1. બળકટ ઢાલ ........ 2
2. ઊંચાઈ વિષે ........ 3
3. 'મને બધું જ જોઈએ'નું કથા-કાવ્ય ........ 5
4. જરૂર આવજો ........ 7
5. શહેરવટો ........ 8
6. અંત વિનાનો અંત ........ 9
7. રોષ ........ 10
8. ભીતર ........ 11
9. સામેનો માણસ ........ 12
10. નિવૃત્તિ ........ 13
11. ખતરનાક અતિક્રમણ ........ 14
12. ઢંગધડા વિનાનું જીવન ........ 15


## 02 – મુક્તિ ભેખડ પર (૧૧ કાવ્યો)


13. ભેખડ પર ........ 18
14. તિથિ ........ 19
15. ષષ્ઠીપૂર્તીએ ........ 21
16. પાનખરમાં ........ 23
17. કવિનો ચહેરો ........ 24
18. અનપેક્ષિત તારનાર ........ 26
19. હાર્દની ચાવી ........ 28
20. અમૃત-કુંભ ........ 29

21. અંતઃકાલે ........................................................ 31
22. છેવટની મંદી ........................................................ 32
23. દૃષ્ટિની નવી ઋતુ ........................................................ 33


03 – પ્રેરણાનાં સ્રોત (૧૦ કાવ્યો)

24. સૂર્યની સફરે ........................................................ 36
25. ગિઝાનો વિશાળ પિરામિડ ........................................................ 37
26. ગિરદીમાં અમૃત ........................................................ 38
27. ઝૂકી ગયેલો માણસ ........................................................ 40
28. ભીતરને છતું કરતાં ........................................................ 42
29. વાટ ........................................................ 45
30. હું શું નથી અને છું ........................................................ 46
31. પંખો ........................................................ 47
32. જવાબ ........................................................ 49
33. આરોહણ ........................................................ 50


04 – ગબડતી સંસ્કૃતિ (૨૩ કાવ્યો)

34. ઈસા પૂર્વેના કાળ પછી ........................................................ 58
35. ઈડનની સ્ત્રી ........................................................ 60
36. આફ્રિકાની 'ગ્રેટ રિફ્ટ વેલી' ........................................................ 61
37. અમેરિકાનો ગ્રામીણ પ્રદેશ ........................................................ 63
38. તાકેલો વિનાશ ........................................................ 65
39. દેહ-ક્ષેત્રે યુદ્ધ ........................................................ 66
40. બૂમબરાડા ........................................................ 69
41. મોજું ........................................................ 70
42. લોક સભા ........................................................ 71
43. કેવો હાથ માર્યો! ........................................................ 72

44. ક્લીકોની ક્રીડા ..................................................... 73
45. સરકારી અધિકારી ............................................... 75
46. મેળો........................................................................ 76
47. સેરામિકનાં ફૂલ ...................................................... 78
48. ચિંતનની મહામારી................................................ 80
49. ધરિત્રીનું પતન ....................................................... 82
50. બહુમાળિયું.............................................................. 84
51. ખોતરતી મૂર્તિ......................................................... 86
52. તાત્કાલિક આશ્રમ.................................................. 87
53. ચોક પર.................................................................. 88
54. ધ્વજમાં રોબોટ........................................................ 90
55. પ્રગતિ?..................................................................... 92
56. બાબુલનાથનો ભિખારી .......................................... 94

05 – માનવતાનું ગૂંથણ (૧૨ કાવ્યો)

57. આશા...................................................................... 98
58. મંગોલ લૂંટારો ........................................................ 99
59. સ્નેહનાં રૂપ...........................................................102
60. સાંઈ.......................................................................105
61. ગુરુ ....................................................................... 111
62. ગૂંથણ.....................................................................112
63. પ્રશ્ન........................................................................114
64. ઉકરડામાં કર્મભૂમિ ...............................................115
65. ઐક્ય ....................................................................116
66. શ્વાસનું પુનર્સર્જન ...............................................118
67. આપણા તકલાદી કાળ માટેના વીરો.......................120